# <u>જૈન ધર્મના વૈજ્ઞાનિક રહસ્યો</u>

– પદ્મશ્રી ડૉ. સુધીર શાહ

ધર્મ અને વિજ્ઞાન એક જ છે, નીચેના અનેક મુદ્દાઓ દ્વારા તેને સાબિત કરીશું.

સર્વજ્ઞાના દર્શનની અંદર ધર્મ, જ્ઞાન, વિજ્ઞાન, ફિઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી, ઇકોલોજી, બધું સમરસ થઇ જાય છે અને એ જ આ દર્શનની વિશેષતા છે. જૈન દર્શન મોટો વ્યાપક દર્શન છે.

- **જૈન દર્શન શું છે?**

જૈન ધર્મ અનાદિ કાળથી છે. પરમાત્મા મહાવીરના શાસનને લાગુ પડે છે એ આપને સૌ જાણીએ છીએ. ભગવાન મહાવીર સર્વજ્ઞ હતા. કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી માત્ર કરુણાને લીધે માનવ માત્રના દુઃખની મુક્તિ માટે, દરેકના આત્માના ઉદ્ધાર માટે પરમાત્માએ ચિંતન કર્યું, ચિતા કરી અને એમને જોયું કે દરેક આત્મા પરમાત્મા થઇ શકે છે. એટલે મુક્તિનો આખો માર્ગ એમણે બતાવ્યો. એ માર્ગ પર ચાલવાથી સર્વ પ્રકારના દર્શનના પ્રમાણ મળે છે. જૈન ધર્મ 'ગ્લોબલ રીલીજીયન ધર્મ' બનવાની તમામ લાયકાત ધરાવે છે. કેમકે દુનિયાના અનેક પ્રશ્નનું નિવારણ જૈન ધર્મમાં છે.

જૈન દર્શનમાં જ્ઞાન, વિજ્ઞાન, ધર્મ, જીવન જીવવાની ચાવી, મુક્તિનો માર્ગ, ઇકોલોજી, અનેકાંતવાદ વગેરેના બધાજ રસ્તાઓ છે. આજનો માનવી વૈજ્ઞાનિક પુરાવાઓ માંગે છે. મહાન વૈજ્ઞાનિકોએ પણ આ ધર્મની વિશેષતાઓને કારણે જૈન ધર્મનો સ્વીકાર જ આવકાર્યો છે. આચાર્ય મહાપ્રભુજીએ એક સુંદર વાત કરી હતી,

**"It is easier to consider Jainism as a scientific content but I feel the Jainism qualify itself to be placed in the category of science, with a spirit of scientific enquiry, it exposes truth through scientific mode and does not stop till that truth is fully realized"**

જૈન ધર્મ પોતે જ એક વિજ્ઞાન છે. અને વિજ્ઞાન અહીં એક થઇ જાય છે...

### -: વૈજ્ઞાનિક રહસ્યોનું વિહંગાવલોકન :-

- **વિજ્ઞાન અને જૈન દર્શન વચ્ચેની કેટલીક સમાનતાઓ**

૧. દરેક વસ્તુ પાછળનો કાર્ય કારણ સંબંધ..
૨. અનેકાંતવાદ
૩. નિરાકરણ
૪. નિર્ભરતા
૫. અનિશ્ચિતતા વગેરે ..

**'ગતિ સીધી લીટીમાં થાય છે', 'પદાર્થના સૌથી નાનામાં નાના કણનું વિભાજન શક્તિ નથી.', ' જેનું મન જેટલું વધારે વિકસિત એટલું એ પરની વધારે શક્તિશાળી.'** વગેરે જેવા વૈજ્ઞાનિક સુત્રો, જૈન ધર્મમાં તો પહેલેથી જ પુસ્તકોના નાના નાના સૂત્રોમાં લખાયેલાં છે. વિજ્ઞાનનું પહેલું પુસ્તક કહો, તે 'તત્વાધારીયમ્ સૂત્ર' અથવા તો એ જ રીતે લખાયેલી 'સમય સારિણીયમ્ સાર' અથવા તો 'પ્રવચન સાર'. સમ્યક ધર્મ સાર, મોક્ષની વગેરેનો વાત આમાં કરવામાં આવી છે. જીવના મોક્ષને સમજવા માટે પણ આખું વિજ્ઞાન સમજવું પડે. અને વિજ્ઞાન વાંચવું કે સમજવું હોય તો પહેલા ધર્મને સમજવો પડે.

જૈન દર્શન સિદ્ધત્વ માટેની આખી પદ્ધતિ છે. અહિંસા, અપરિગ્રહ, અનેકાંત અને અપ્રમાદ તેના મુખ્ય લક્ષણો છે. દાન, શીલ, તપ અને ભાવના ચાર પાયાના વગેરે જૈન દર્શનના ઉદાહરણ છે.

**વિજ્ઞાન અને જૈન ધર્મને સાંકળતા કેટલાક મુદ્દાઓ જોઈએ તો..**

- એકબીજા પર નિર્ભરતા અને એકબીજા જીવને મદદ કરવી એ મહાન કર્તવ્ય છે. તમે અહિયાં એક જીવને (મન, વચન કે કર્મથી) હેરાન કરશો તો, સમગ્ર જીવની શ્રુંખલા ડગમગીને તમને પાછી હેરાન કરશે.
- ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ. જે સદ્દને ધારણ કરે છે, જે પૃથ્વીને ટકાવી રાખે છે. પ્રકૃતિના નિયમો સાથે બરાબર રીતે ચાલે એ જ સાચો ધર્મ. જૈન ધર્મ પ્રકૃતિની સાથે અહિંસાને પણ એકરૂપ માને છે. વિજ્ઞાનના બધાજ સિદ્ધાંતો પણ પ્રકૃતિને અનુરૂપ હોય છે એટલા માટે આ બધું એકજ છે, જે સમજવું જરૂરી છે.
- અણુ વિજ્ઞાન પણ ઉત્પત્તિ, વ્યય અને સ્થિરતામાં માને છે. જૈન ધર્મ પણ સ્થિરતાને સ્વીકારે છે. તે ઉત્પત્તિ અને નાશની વચ્ચે થોડી કે વધારે ક્ષણો માટે હંમેશા તાલ મિલાવે છે. વિજ્ઞાને હજુ સુધી શોધી એવી વસ્તુઓ પણ આપણા ધર્મમાં જોવા મળે છે. ભગવાને પોતે તેમની કેવળદ્રષ્ટિમાં તેને જોયા છે. એટલા માટે જ આપણે આપણે દર્શન પર પૂરી શ્રદ્ધા રાખવી જોઈએ.
- વનસ્પતિમાં જીવ અને સંવેદના છે એ વાત પણ જૈન ધર્મએ ઘણા સમય પહેલા જ કરી હતી. માટે ધર્મમાં જે કહેવામાં આવે છે, એ વિજ્ઞાન સાબિત કરે પછી માનીએ તો તે ખોટું કહેવાય.
- છ દ્રવ્યની વાત કરવામાં આવી છે તેમાં, અજીવ કાય, ધર્મ, અધર્મ, ઉદ્ગ્લ, જીવ અને કાળ.. જૈન ધર્મમાં કાળ(સમય)ની જે માહિતી આપી છે એ વિજ્ઞાન હજુ પણ શોધી શકતું નથી. અને સાબિત કરવું એ ધર્મના કલ્યાણ માટે નહિ, પણ વિશ્વના કલ્યાણ માટે અગત્યનું બની રહે છે.
- મતિજ્ઞાન અને શુદ્ધ જ્ઞાનના લક્ષણો પણ જૈન ધર્મમાં આપવામાં આવ્યા છે. અહીં મનના બે લક્ષણોની વાત કરવામાં આવી છે. દ્રવ્યમાન અને ભાવમાન. વિજ્ઞાન કે મનોચિકિત્સક પણ હજુ ત્યાં સુધી પહોંચી શક્યા નથી.

- એક વાત જાણીને આશ્ચર્ય થશે કે ભગવાન પાર્શ્વનાથના સમયથી સાયકોલોજીકલ કાઉન્સેલિંગ થતું, યોગ, ધ્યાન કઈ રીતે કરવું, કઈ ક્રિયા કરવી કે ન કરવી, એનું પણ વર્ણન આપણા શાસ્ત્રમાં મળી આવે છે.
- બાયોલોજીની વાત કરીએ તો, એકેન્દ્રિય, પંચેન્દ્રિય, સાધારણ કાય, સ્થાવર, નિબોધ વગેરેની વાત જાણીએ તો એવું લાગે કે આટલો ઊંડાણમાં જૈન ધર્મ ગયો છે..!
- છોડમાં પણ ક્રોધ, માન, માયા, લોભ હોય છે.. માટે જેવો ખોરાક અને શાકભાજી ખાઈએ તેવો જ પ્રભાવ આપણા મન પર પડતો હોય છે.
- ગણિતની વાત કરીએ તો, વિજ્ઞાન ગણિત વગર આગળ ન વધી શકે. ગણિત એ વિજ્ઞાનની પાયાની જરૂરિયાત છે. આપણા મહાવીરાચાર્યએ ૯મી સદીમાં 'ગણિત સાર-સંગ્રણ' નામનો ગ્રંથ લખેલો જેમાં નવ પ્રકારનો છે, ગણિતના સામાન્યથી લઈને મહત્વના બધાજ નિયમો જૈન ધર્મના મોટા મોટા પ્રખર વિદ્વાનો અને આચાર્યોએ વર્ણનો કરેલા છે.
- ટેલીપથીનું પણ આજકાલ ખૂબ મહત્વ વહી રહ્યું છે, મનને જાણવું, સંગીત અને તેની શરીર પર અસરની વાત, સંગીત નસીબ પણ બદલી શકે ત્યાં સુધીની વાત થઇ છે.
- મંત્રનું પણ એક વિજ્ઞાન છે. મંત્રો અને ઉચ્ચારણોમાં પણ એટલી શક્તિ છે કે, કોઈને શબ્દો દ્વારા તમે તેનું ચિત્ત-તંત્ર બદલી શકો, તેના રોગોને દૂર કરી શકો, અલ્ટ્રા સાઉન્ડથી જે વસ્તુને તપાસી, ઈલાજ થાય છે, શબ્દોનો ગોઠવણી એટલી વિશિષ્ટ થઇ જાય કે એમાં ખૂબ તાકાત આવી જતી હોય છે 'ઓમ હ્રીમ શ્રીમ અરહમ્ નમઃ' આપણને સખત ઉર્જા આપી શકે છે. આદિ પુરુષો જયારે મંત્રો લાવ્યા અને કરોડો લોકોએ એનો મંત્રજાપ કર્યો, તો શબ્દો કેટલા શક્તિશાળી બની શકે તેનું અનુમાન માત્ર જ પુરતું છે.
- જેવું મંત્ર વિજ્ઞાન છે એવું યંત્ર વિજ્ઞાન પણ છે. જેના સ્મરણ માત્રથી તમારા દુઃખો દૂર થઇ શકે છે. એ જ રીતે તંદુરસ્તી વિજ્ઞાન પર પણ ઘણું કામ થઇ રહ્યું છે. તેમાં ઉપવાસ, પ્રાણાયામ, ખાવા-પીવાની આદત (સાત્વિક ખોરાકનો આગ્રહ, પ્રક્ષેપ આહાર, લોમાહાર વગેરે), પદયાત્રા, ગરમ પાણી, જૈન લાઈફ સ્ટાઇલની વાત છે જેના દ્વારા મોટી મોટી બીમારીઓ પણ દૂર રાખી શકીએ છીએ. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજીનો 'યોગશાસ્ત્ર' ગ્રંથ વાંચવા જેવો છે.
- જૈન ધર્મનો મુખ્ય લક્ષણ અહિંસા છે. કોઈ માઈક્રોસ્કોપ વગર અહિંસાના મહિમા દ્વારા ઉપવાસ કરવાને મહત્વ આપવામાં આવ્યું છે. કુદરત પાસે જરૂર કરતા વધારે લો છો એ પણ હિંસા છે. પરિગ્રહ વધારે ભેગું કરવું એ મૂર્છા છે.
- તિથી વિજ્ઞાનની વાત કરીએ તો, લીલોતરી કઈ તિથિમાં ખાવી ન ખાવી તેનો મહિમા પણ દર્શાવાયો છે. મહાવીર ભગવાનના મતે આવતા ભાવનું નસીબ નક્કી થાય છે, તે પણ સામાન્યતઃ તિથિના દિવસોમાં નક્કી થાય છે.
- 'સમાન સુત્ત' પુસ્તકમાં રોજિંદી જીવન જરૂરીયાતને લગતી તમામ માહિતી ઉપલબ્ધ છે, જે દરેક વ્યક્તિને એક વખત કરવી જોઈએ.

- અહિંસા જૈન ધર્મનું મુખ્ય લક્ષણ છે, તો ધ્યાન એ જૈન ધર્મનો પ્રાણ છે. ધર્મ-ધ્યાન કરવાથી તમામ પ્રકારના શારીરિક, માનસિક, ચૈતસિક, આધ્યાત્મિક રોગોની મુક્તિ માટેની ચાવી છે. જૈન ધર્મમાં સામયિક, સમત્વ ભાવ, પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત, વિશુદ્ધિ, વિશલ્ય, ધ્યાનના પ્રકારો, આત્મધ્યાન, ક્ષણે ક્ષણે અપ્રમાદ રહેવું વગેરેને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. ધ્યાનની વિશેષ મુદ્રાથી મનના દરેક વિકારો દૂર થાય છે. '**આત્માનું આત્મામાં સ્થિર થવું એ જ ધ્યાન**' અને એ જ જૈન ધર્મનો સાર છે.

આમ, વાત ભલે ધર્મની છે, પણ વિજ્ઞાન ધર્મ સાથે, અને ધર્મ વિજ્ઞાન સાથે સંકળાયેલો જ છે. વિજ્ઞાન અને જૈન ધર્મ એક સિક્કાની બે બાજુ સમાન છે. બંનેને જુદી રીતે ન જુઓ.

*************************